હિમાંશી શેલતની વાર્તાઓમાં સ્ત્રીનિરૂપણ

સારાંશ

હિમાંશી શેલતના સાત વાર્તાસંગ્રહો - ‘અંતરાલ’, ‘અંધારી ગલીમાં સફેદ ટપકાં’, ‘એ લોકો’, ‘પંચવાયકા ‘, ‘સાંજનો સમય’, ‘ખાંડણિયામાં માથું’, ‘ગર્ભગાથા’ - માંની સ્ત્રીનું મનોજગત પ્રતિબિંબ થતું હોય અથવા તો એના જીવનની કરુણ-મધુર ઘટનાઓનું ચિત્રણ થયું હોય કે એની જીવનશક્તિ અને સમજશક્તિ તથા એની હયાતી સંબધે સભાનતા અને જાગૃતિ પ્રગટ થઈ હોય એવી જ વાર્તાઓના અભ્યાસનો મારો ઉંપક્રમ હતો. આ સાત વર્તાસંગ્રહમાંથી પંચાવન વાર્તાઓમાં નારીની વિવિધરંગી છબી અને નારી સમસ્યાનાં સુક્ષ્માતિસુક્ષ્મ પાસાં નિરુપાયાં છે.

સ્ત્રીકેન્દ્રી આ વાર્તાઓમાં હિમાંશી શેલતે સ્ત્રીની સહજ સંવેદના, સામાજિક દુષણો/અનિષ્ટો સામે આક્રોશ, ગરીબીનો લાભ ઊઠાવી થતું જાતીય શોષણ, જાતીય વૃત્તિની પડખે સ્ત્રીની વેદનાગ્રસ્ત સ્થિતિ, સ્ત્રીની યાતનાઓ, સ્ત્રીની એકલતાના વિવિધ પરિમાણો, વેશ્યાજીવન, ભૃણહત્યા, વિધવાજીવન, માં-દીકરીના સંબંધો એમ સ્ત્રી સંબંધી લગભગ દરેક પાસાઓને આવરી લીધાં છે.

અપરિણીત એકાકી સ્ત્રીઓના મનોજગત અને વ્યવહાર જગતને આલેખતી ’છત્રીસ વર્ષે ઘટનાની પ્રતીક્ષા’, ‘સુવર્ણફળ’, કોઈ એક દિવસ’ વાર્તાઓમાં આજની પેઢીને મળેલી પસંદગી/નાપસંદગીની સ્વતંત્રતાને કારણે કુંવારી રહી જતી સ્ત્રીઓ છે. તો ‘ખાખરની ખિસકોલી’માં પોતાને સંતોષ આપતા કાર્યમાં વ્યસ્ત, પુરુષના અજવાળાની રાહ જોવાની જરૂરત ન જોતી નાયિકા સ્ત્રી જાગૃતિના સંદર્ભને રજુ કરે છે. ‘સંરક્ષણ’ જેવી વાર્તામાં સ્ત્રીને એકલી રહેતી અટકાવનારા પરિબળો- સમાજવ્યવસ્થા, પુરુષલોલુપતા અને સ્ત્રીદેહ -તરફનો નિર્દેશ પણ છે.

સ્ત્રીની એકલતાનું બીજું પરિમાણ છે ઇતરાનું , એટલેકે પરિણીત પુરુષને ચાહીને બનેલી ‘અન્ય સ્ત્રી’નું. સમાજમાન્ય નથી એવા આ સંબંધ સાથે જીવતી, સમાધાનની પીડા અને હતાશા અનુભવતી સ્ત્રીઓની વાત ‘ઇતરા’, ‘અવલંબન’, ‘એ નામ’,-વાર્તાઓમાં રજુ થઈ છે.

પતિના આવા લગ્નેતર સંબંધોની પીડા વેઠતી પરિણીત સ્ત્રીની સંવેદનાને પણ લેખિકા ‘સાંજનો સમય’, ‘શ્રી એ. સુકુમાર/અમર’, ‘થાક’,’તણખો’, ‘વિચ્છેદની ક્ષણ’ વાર્તાઓમાં આલેખે છે.

આમ લેખિકા પુરુષના લગ્નેતર સંબંધોને કારણે થતી ઇતરા તેમજ પરિણીતા સ્ત્રીની વેદનાને તટસ્થતાથી આલેખે છે તેથી અહી મળતું ચિત્ર એકાંગી બનતું નથી.

પરિણીતા છતાં પતિ વિહોણી, પતિથી અસંતુષ્ટ સ્ત્રીના વેદનાના ચહેરાને પણ લેખિકાએ પુરેપુરી સંવેદનાથી આલેખ્યાં છે. સંમોહન', 'થાક', વાર્તાઓની જેમ કેટલીક સંવેદનશીલ નારી અંધારી ગુફામાં મનને મારીને રહે રહે છે, તો પ્રેમપત્રો' કે 'એકાવનમો એપિસોડ'**ની** કેટલીક નારી અજવાળાના કોઈને કોઈ માર્ગને શોધી કાઢી જીવનને સાર્થક કરે છે. આમ, અનુ-આધુનિક નારીવાદનો અભિગમ પણ અહી જોવા મળે છે. કુંદનિકા કાપડિયાની નાયિકા 'ગૃહત્યાગ' કરીને 'પોતાનો ઓરડો' શોધે છે જયારે હિમાંશી શેલતની નાયિકાઓ ઘરમાં રહીને પ્રેમની કાલ્પનિક સૃષ્ટિ દ્વારા કે પોતાની મનગમતી પ્રવૃત્તિઓમાં 'પોતાનો ઓરડો શોધી લે છે '

નારીના વિભિન્ન પાસાઓમાં 'માં' તરીકેની છબી પણ હિમાંશી શેલતની વાર્તાઓમાં ભિન્નભિન્ન ભાવ્ભંગીમાઓ સાથે આવે છે. 'બળતરાનાં બીજ', 'દાહ', 'કોઈ એક દિવસ', 'કાલ સુધી તો', માં બાનાં વિવિધ પરિમાણો ઉપસ્યા છે. આ વાર્તાઓમાં એક દીકરી માની વેદનાને સમજી શકે છે એવું સાંસારિક સત્ય પણ જોવા મળે છે.

પરંપરાગત સમાજમાં વિધવા સ્ત્રીઓની દયનીય સ્થિતિને આલેખતી વાર્તા 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' માં ધર્મ-સ્વર્ગ-મોક્ષ-ભજન-કીર્તનને સહારે ભવસાગર તરી જવાના સ્વપ્નમાં રમમાણ એવી મુમુક્ષુ વિધવાઓની દયનીય મનોદશાને ઉજાગર કરી છે.

દેહ્જીવી સ્ત્રીઓનું જીવન ગુજરાતી ભાષામાં વણસ્પર્શ્યું રહી ગયું છે. હિમાંશી શેલતે એ કમી પૂરી કરી છે. 'ખરીદી', 'કિંમત', 'શાપ', 'ખાંડણિયામાં માથું' જેવી વેશ્યાજીવનની વ્યથાને સંયત આક્રોશથી પ્રગટ કરતી વાર્તાઓ। આ વાર્તાઓ લેખિકાના પ્રતિબદ્ધ માનવીય દ્રષ્ટિકોણના નમૂનાઓ છે.

સ્ત્રીસંબંધી સામજિક સમસ્યાઓ - નાની વયની બાલિકાઓ પર થતા બળાત્કાર-હત્યા ('કોઈ બીજો માણસ'), કોમી હુલ્લડો વખતે થતા સામુહિક બળાત્કાર ('સાતમો મહિનો'), વેશ્યજીવ્ન તરફ ધકેલાતી અબોધ બાળાઓ ('બારણું') -ને આલેખતી વાર્તાઓમાં લેખિકાનો વિરોધ તીવ્ર સ્વરે પ્રગટ્યો છે.

'ગર્ભગાથા' વાર્તાસંગ્રહમાં લેખિકાએ નારીની સગર્ભાવસ્થાની,વંધ્યત્વની, ભ્રુણહત્યાની, પ્રસુતિની પીડાની, બાળ ઉછેરની એ અંગત પીડાઓ સાથે કુટુંબ -સમાજ સાથેના ઘર્ષણ-સંઘર્ષથી જન્મતી વેદના-વ્યથાની વાર્તાઓ નિરૂપી છે. જેન્ડરમૂલક ભેદભાવ સાથે સંકળાયેલી સ્ત્રીભ્રૂણહત્યા એ એક વિશિષ્ટ સામાજિક સમસ્યા છે. દીકરા-દીકરીની ઉચ્ચાવચતાનું નિદર્શન કરાવતા સત્યનું કલાપૂર્ણ નિરૂપણ 'ગર્ભગાથા' વાર્તામાં થયું છે.

વાર્તાકાર તરીકે આ લેખિકાની ખાસિયત એ છે કે તેમની નારી નિસ્બત આક્રોશપૂર્ણ નથી. વ્યથાનો વડવાનલ હૈયે જરૂર છે પણ તારસ્વરે ફરિયાદ કરતો પુરુષદ્વેષી વિદ્રોહાત્મક સૂર તેમના સર્જનમાં ક્યારેય નથી રહ્યો। વિનીત સ્વરમાં સમાધાનનો સેતુ સર્જતો , સમસ્યામોચન ન્યાય માંગતો, અન્યાય ન સહેતો, આત્મગૌરવ જાળવતો સ્વર સમાજ સમક્ષ વહેતો મુક્યો છે. 'નારીવાદ'તરીકે ઓળખાયા વગર જ તેમની વાર્તાઓ નારી પ્રત્યેની નિસ્બતને કારણે પાંગરી ઊઠી છે.

હિમાંશી શેલતની સ્ત્રીકેન્દ્રી વાર્તાઓને તપાસતા આ ઉપક્રમને અંતે એવું કહી શકાય કે નારીજીવનને સ્પર્શતી વાર્તાઓના સર્જનમાં સામાજિક પ્રતિબદ્ધતા ઉપરાંત લલિત સાહિત્ય માટે અતિ આવશ્યક એવી કલાવિષયક પ્રતિબદ્ધતા પણ હોય તો તેવી હેતુલક્ષી વાર્તાઓ પણ સંતર્પક બની રહે એ હિમાંશી શેલતની વાર્તાઓ પુરવાર કરે છે.